‘અશક્ય’નું શિખર સર કરનાર માણસઃ નિર્મલ પુરજાની બરફમાં લખાયેલી સાહસકથા

ટલાક પર્વતારોહીઓ માત્ર શિખરો જ સર કરતા નથી, તેઓ માનવ સંભાવનાઓની ઊંચાઈ પણ સર કરે છે. નેપાળના દાના નામના એક નાનકડા ગામમાંથી નીકળેલો એક યુવાન આખી દુનિયાને કહી ગયો કે માણસની સૌથી મોટી મર્યાદા પર્વત નથી, પરંતુ મનમાં બેઠેલો ડર છે. એ યુવાન હતો નિર્મલ પુરજા, જેને દુનિયા પ્રેમથી ‘નિમ્સદાઈ’ તરીકે ઓળખે છે. (નેપાળી ભાષામાં ‘દાઈ’ એટલે મોટો ભાઈ, એટલે કે નિર્મલ ભાઈ.) 30 જુલાઈના રોજ પાકિસ્તાનના ગિલગિટ ક્ષેત્રમાં આવેલા બ્રોડ પીક પર વિનાશક હિમપ્રપાતમાં તેનું જીવન સમાપ્ત થયું. 7,000 મીટરની ઊંચાઈએ આ દુર્ઘટના બની હતી. હિમપ્રપાત બાદ નિર્મલ પુરજા સહિત 10 પર્વતારોહકો ગુમ થઈ ગયા હતા, જેમાં છ નેપાળી પર્વતારોહકો પણ સામેલ હતા. આ સમાચાર માત્ર પર્વતારોહણ જગત માટે જ નહીં, પરંતુ સપનાઓ જોનારા દરેક માણસ માટે આઘાત સમાન છે. કારણ કે નિર્મલ પુરજા માત્ર પર્વતારોહી નહોતો; તે અનેક યુવાનો માટે જીવંત પ્રેરણા હતો. તેના જીવનની શરૂઆત સામાન્ય હતી, પરંતુ તેના વિચારો અસામાન્ય હતા. નિર્મલનો જન્મ 25 જુલાઈ, 1983ના રોજ નેપાળના મ્યાગ્દી જિલ્લાના દાના ગામમાં થયો હતો. તે સાધારણ પરિવારમાં જન્મ્યો હતો, પરંતુ તેના પરિવારનો સેના સાથે ગાઢ સંબંધ રહ્યો છે. તેના પરિવારની ઘણી પેઢીઓ ગોરખા રેજિમેન્ટમાં સેવા આપતી આવી છે. નિર્મલે પણ મોટા થઈને બ્રિટિશ ગુરખા દળ અને ત્યારબાદ યુકે સ્પેશિયલ બોટ સર્વિસમાં સેવા આપી હતી.

અહીં જ તેને શિસ્ત, સહનશક્તિ અને નિર્ણાયક ક્ષણે અડગ રહેવાની કળા શીખવા મળી હતી. પરંતુ તેના જીવનનો સાચો અધ્યાય ત્યારે શરૂ થયો, જ્યારે તેણે પર્વતોને પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું. તેની એક સિદ્ધિ તો જગવિખ્યાત છે. ભારત, નેપાળ, પાકિસ્તાન અને ચીનમાં ફેલાયેલી હિમાલય તથા કારાકોરમ પર્વતમાળાઓમાં દુનિયાના સૌથી ઊંચા 14 પર્વતો આવેલા છે, જેની ઊંચાઈ 8,000 મીટરથી વધુ છે. આ શિખરોમાં એવરેસ્ટ, K2, કાંચનજંગા, લોત્સે, મકાલુ, ધૌલાગિરી અને અન્નપૂર્ણા જેવા વિશ્વવિખ્યાત પર્વતોનો સમાવેશ થાય છે. પર્વતારોહણની દુનિયામાં આ શિખરોને માત્ર તેમની ઊંચાઈ માટે જ નહીં, પરંતુ તેમની વિકટ પરિસ્થિતિઓ માટે પણ ઓળખવામાં આવે છે. 8,000 મીટરથી ઉપરના વિસ્તારને ‘ડેથ ઝોન’ કહેવામાં આવે છે. આ ઊંચાઈએ હવામાં સમુદ્ર સપાટીની સરખામણીએ આશરે એક તૃતીયાંશ જેટલો જ ઓક્સિજન ઉપલબ્ધ હોય છે. પરિણામે શરીર ધીમે-ધીમે પોતાની શક્તિ ગુમાવવા લાગે છે, નિર્ણય લેવાની ક્ષમતા ઘટે છે અને લાંબા સમય સુધી ત્યાં રહેવું જીવલેણ બની શકે છે.

માઇનસ 40 ડિગ્રી સુધીનું તાપમાન, કલાકના 100થી 150 કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવનો, હિમપ્રપાત, બરફની ઊંડી તિરાડો અને અચાનક બદલાતું હવામાન – આ બધું મળીને આ પર્વતોને પૃથ્વીના સૌથી જોખમી પ્રદેશોમાં સ્થાન અપાવે છે. વર્ષો સુધી માનવામાં આવતું હતું કે આ તમામ શિખરો સર કરવા માટે ઘણા વર્ષો જોઈએ. અનેક મહાન પર્વતારોહીઓએ તેની પાછળ દાયકાઓ ખર્ચી નાખ્યા છે. એટલે નિર્મલ પુરજાએ જ્યારે એવી જાહેરાત કરી કે તે આ તમામ 14 શિખરો માત્ર થોડા મહિનાઓમાં સર કરશે, ત્યારે લોકોએ તેને હસી કાઢ્યો હતો. લોકોને આ ઘેલછા લાગી. નિષ્ણાતોએ તેને અશક્ય ગણાવ્યું. પૈસાની તંગી હતી, પ્રાયોજકો નહોતા, સમય નહોતો અને જોખમ અસીમ હતું. છતાં નિર્મલે એક જ વાત કહી: ‘અશક્ય માત્ર એક મત છે, સચ્ચાઈ નહીં.’ તેણે કેવળ 6 મહિના અને 6 દિવસમાં આ સિદ્ધિ હાંસલ કરીને બતાવી.

તેની આ અદ્ભુત સફરને વિશ્વએ નેટફ્લિક્સ પર આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ ‘14 Peaks: Nothing Is Impossible’માં જોઈ. આ ફિલ્મ માત્ર પર્વતારોહણની જ કથા નથી, પરંતુ માણસના મનની શક્તિનો અદભુત દસ્તાવેજ છે. ફિલ્મમાં દર્શાવવામાં આવેલા

નિર્મલ પુરજાએ જ્યારે એવી જાહેરાત કરી કે તે આ તમામ ૧૪ શિખરો માત્ર થોડા મહિનાઓમાં સર કરશે, ત્યારે લોકોએ તેને હસી કાઢ્યો હતો

મોટાભાગના ફૂટેજ ખુદ નિર્મલ પુરજા અને તેમની શેરપા ટીમે પર્વતારોહણ દરમિયાન હેડ-કેમેરા અને ડ્રોન દ્વારા શૂટ કર્યા છે. 2019માં માઉન્ટ એવરેસ્ટના શિખર નજીક પર્વતારોહીઓની લાંબી લાઇન (‘ટ્રાફિક જામ’) નો જે ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, તે ખુદ નિર્મલ પુરજાએ જ લીધો હતો અને આ ફિલ્મમાં તેની પાછળની વાસ્તવિકતા દર્શાવવામાં આવી છે. ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક ખૂબ જ રોમાંચક છે, જે પ્રખ્યાત કંપોઝર એલેક્સ બારાનોવસ્કીએ આપ્યું છે. નિર્મલ પુરજાએ આ અશક્ય મિશનને ત્રણ અલગ-અલગ તબક્કામાં વહેંચ્યું હતું. ફિલ્મમાં આપણે નિર્મલને માત્ર શિખરો સર કરતાં નથી જોતા; આપણે તેને સતત સંઘર્ષ કરતાં પણ જોઈએ છીએ. ક્યારેક નાણાં ખૂટે છે, ક્યારેક ખરાબ હવામાન રસ્તો રોકે છે, ક્યારેક શરીર થાકી જાય છે, તો ક્યારેક દુનિયા તેની ક્ષમતાઓ પર શંકા કરે છે. છતાં તે દરેક અવરોધ સામે એક જ પ્રશ્ન પૂછે છે: ‘આનો રસ્તો શું હોઈ શકે?’

ફિલ્મનું સૌથી સ્પર્શી જતું પાસું એ છે કે નિર્મલ માટે સફળતા માત્ર ટોચ સુધી પહોંચવાની નહોતી. અનેક પ્રસંગોએ તેણે અન્ય પર્વતારોહીઓનો જીવ બચાવવા માટે પોતાનો સમય, શક્તિ અને જોખમ દાવ પર લગાવ્યાં હતાં. એ ક્ષણો યાદ અપાવે છે કે સાચી જીત માત્ર મેડલમાં નથી, માનવતામાં પણ હોય છે. ‘14 Peaks’માં એક વાત સતત અનુભવાય છે કે વિજય શરીરની તાકાતથી ઓછો અને મનની મજબૂતાઈથી વધારે મળે છે. પર્વત તો બહાર ઊભો હોય છે, પરંતુ સૌથી ઊંચો પર્વત આપણા મનની અંદર હોય છે. જે વ્યક્તિ પોતાના મનનો ડર જીતી જાય છે, તેના માટે દુનિયાનું કોઈ શિખર અપ્રાપ્ય રહેતું નથી. નિર્મલ પુરજાએ આખરે એ કરી બતાવ્યું, જેણે પર્વતારોહણના ઇતિહાસને જ બદલી નાખ્યો અને સમગ્ર વિશ્વને બતાવ્યું કે માનવી પોતાની મર્યાદાઓ વિશે ઘણી વખત ખોટું માની લે છે.

આજે જ્યારે તેમના અવસાનના સમાચાર વાંચીએ છીએ, ત્યારે દુઃખ થાય છે. પરંતુ કદાચ નિર્મલ પુરજાનું જીવન આપણને મૃત્યુ વિશે નહીં, પરંતુ જીવન કેવી રીતે જીવવું તેની શીખ આપે છે. કેટલાક લોકો વર્ષોની ગણતરીથી જીવતા હોય છે, જ્યારે કેટલાક પોતાના કામની ઊંચાઈથી અમર બની જાય છે. નિર્મલ પુરજા બીજા પ્રકારનો માણસ હતો. નિર્મલ પુરજા હવે આપણી વચ્ચે નથી, પરંતુ તેનો સંદેશ હંમેશા જીવંત રહેશે. પર્વતો પર તેનાં પગલાં કદાચ બરફ ઢાંકી દેશે, પરંતુ લાખો લોકોના મનમાં તેણે જે વિશ્વાસ વાવ્યો છે, તેને કોઈ હિમપ્રપાત ક્યારેય દફનાવી શકશે નહીં. કેટલાક માણસો શિખર સુધી પહોંચે છે અને પાછા આવી જાય છે. કેટલાક માણસો પોતે જ શિખર બની જાય છે. નિર્મલ પુરજા એવું જ એક શિખર હતો, જે આપણને સતત યાદ અપાવશે કે જીવનમાં સૌથી મોટો વિજય પર્વત જીતવામાં નથી, પરંતુ પોતાના મનમાં રહેલા ‘અશક્ય’ શબ્દને હરાવવામાં છે.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

કૃતિ અને આસ્વાદ



કગીતોના કોઈ કવિ નથી હોતા. લખનાર કોઈક તો હોય, પણ પછી તે એટલું પ્રચલિત થઈ જાય કે તે લોકોનું બની જાય. ઘણી વાર એનાથી ઉલટું પણ થાય. લોકગીતને કોઈ પોતાના નામે ચડાવી મારે અને પોતાનું બનાવી દે. આપણી વાત એક તાજા લોકગીત વિશેની છે, જે એટલું તાજું છે કે હજુ તેને કોઈ લોકગીત પણ કહેતું નથી. છતાં, તે જે રીતે પ્રચલિત થયું અને તેના રચનાકાર જે રીતે અજાણ રહ્યા, એ બંને કારણોસર તેને લોકગીત કહેવામાં બહુ અતિશયોક્તિ નહીં થાય. ઝડપથી રચાતા સોશિયલ મીડિયાના ઇતિહાસમાં તો તેને લોકગીત-સમકક્ષ દરજ્જો મળી જ ચૂક્યો છે. લોકગીતની જેમ તેની બધી પંક્તિઓ એક જ ઢાળમાં ગવાય છે. લોકગીતના જ અંદાજમાં તેના શબ્દોના પાઠફેર પણ જોવા મળે છે. છતાં, વ્યાપક સ્વીકૃતિ પામેલા તેના શબ્દો આ પ્રમાણે છે:

છપ્પન ઇંચકા છોટા બંદર
પેપર લીક કર ગયા બંદર
દેખો કૈસે છિપ ગયા બંદર

દલીલ ખાતર કોઈ કહી શકે કે આ ક્યાં ગીત છે? આ તો સૂત્રો કે નારા છે. કોઈ કાવ્યરસિકને તે ત્રિપદી લાગે, તો કોઈને આખી ચોપાઈમાં એક કડી કે છપ્પામાં ત્રણ કડીઓ ખૂટતી પણ લાગે. એ બધી સ્વરૂપલક્ષી ચર્ચા દિવસો સુધી ચલાવી શકાય. તેમ છતાં, તેનો સર્વમાન્ય અંત ન આવે એવું બને અથવા તેના વિશે બે દિવસનો સેમિનાર યોજી શકાય, જેના અંતે છેવટે સૌને ભોજનનો સ્વાદ જ યાદ રહે. એટલે, તે પિંજણ બાજુ પર રાખીને કૃતિના આસ્વાદ તરફ આગળ વધીએ.

કેટલાક અવળચંડા લોકો કહેશે કે આ કડીઓની વચ્ચે વચ્ચે આવતી ધ્રુવપંક્તિ અહીં કેમ નથી લખી? તેમને એટલું જ કહેવાનું કે એમ કરવા જતાં ધ્રુવપંક્તિની જ ગરમાગરમ ચર્ચા એટલી ચાલે કે બીજી પંક્તિઓની સાહિત્યિક ચર્ચા કરવાનું અશક્ય બની જાય અને કૃતિ સાથે અન્યાય થાય. માટે, અહીં ફક્ત કૃતિના નક્કર સાહિત્યપદાર્થની – કેટલાક લોકો જરા વજન ઉમેરવા કહે છે તેમ, ‘સાહિત્યપદારથ’ની – જ વાત કરીએ.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

કૃતિની પહેલી કડીથી ગુજરાતી કાવ્યરસિકોને તરત ઝવેરચંદ મેઘાણીની ‘ચારણકન્યા’ યાદ આવે તો નવાઈ નહીં. “ચૌદ વરસની ચારણકન્યા...” હવે વિચારો. તેની સાથે નવા લોકગીતની પહેલી કડીને કેટલું સામ્ય છે! બંને પંક્તિમાં કવિએ મુખ્ય પાત્રનો સાવ સ્થૂળ પરિચય એકદમ સાદી રીતે આપી દીધો છે.

આસ્વાદમાં આગળ વધતાં પહેલાં એક સ્પષ્ટતાઃ કોઈ મેઘાણીપ્રેમી એવું ન માને કે તેમની ‘ચારણકન્યા’ની નવા લોકગીત સાથે સરખામણી થઈ રહી છે. બંને સાવ જુદા સ્થળ, સમય, હેતુ અને મિજાજ આલેખતી કૃતિઓ છે. બંનેમાં રહેલા મૂળભૂત જુસ્સાની સરખામણી કરવી હોય તો થઈ શકે, પણ તે જરૂરી નથી.

અગાઉ નોંધ્યું તેમ, બંનેમાં પાત્રોની પરિચય-પંક્તિ છેતરામણી સાદગી ધરાવે છે. છતાં, આખી કૃતિમાંથી પસાર થયા પછી નવેસરથી તે પંક્તિ વાંચતાં સમજાય છે કે તેમાં ઠાંસીને વ્યંજના ભરેલી છે. કવિ બંદર માટે બે વિશેષણ વાપરે છેઃ ‘છોટા’ અને ‘છપ્પન ઇંચકા’. આ બંને વિશેષણ પરસ્પર પૂરક છે કે વિરોધી, તે કવિએ ભાવકો પર છોડ્યું છે. એટલે તેનાં બે અર્થઘટન થઈ શકે: બંદર સાવ નાનું, માંડ છપ્પન ઇંચનું છે અથવા બંદર વાતો છપ્પન ઇંચની કરે છે, પણ છે સાવ નાનું. અર્થ ગમે તે લઈએ, પણ એટલું નક્કી કે આ પંક્તિ થકી ભાવકના ચિત્તરૂપી મંચ પર એક પાત્ર ખડું થઈ જાય છે: ‘છપ્પન ઇંચકા છોટા બંદર’.

ઘણા કવિતાપ્રેમીઓ આ પંક્તિનું કાવ્યતત્ત્વ સમજવાને બદલે તેનો શબ્દાર્થ પકડીને આનંદ લે છે. પરંતુ સૂફી કવિતા-ગઝલોનો પરિચય ધરાવનારાને યાદ હશે કે તેમાં કવિ પ્રિયતમાને કહેતા હોય એવું લાગે, પણ તે કહેતા હોય ઈશ્વરને. એવી રીતે ઊંડાણથી નવા લોકગીતનો અર્થ સમજવો હોય તો તેના માટે કેટલાક ગુજરાતી કથાકારો અને તેમના ભક્તવર્તુળો જેવી મૌલિક અર્થઘટનશક્તિ જોઈએ. એવી શક્તિથી કામ લેતાં પ્રથમ પંક્તિનો સાવ નવો જ અર્થ મનમાં ઉઘડે છે. અને એ છેડો ઉકલ્યો એટલે પછી આખી કૃતિ સડસડાટ ઉકલતી ચાલે છે.

કવિ કહેવા એવું માગે છે કે માણસનું દિલ બંદર જેવું છે. તેને છપ્પન ઇંચનું કહ્યું છે, કારણ કે તે માણસની (છપ્પનની) છાતીમાં રહેલું હોય છે. સૌ જાણે છે કે આપણી પરંપરામાં મનને મર્કટ સાથે સરખાવ્યું છે. એ જ પરંપરાની આ વાત છે. તો છપ્પન ઇંચનું આ બંદર શું કરે છે? તે પેપરો લીક કરી નાખે છે. એટલે કે માણસની પરીક્ષા થવાની હોય તે પહેલાં, અંદરના અવાજરૂપે તેને આગોતરી ચેતવણીઓ આપે છે. પણ સૌ જાણે છે કે અંતરાત્માના અવાજને કોઈ ગણકારતું નથી. આવું વારંવાર થયા પછી અંદરનો અવાજ આવતો બંધ થઈ જાય છે, જાણે એ અવાજ પેદા કરતું દિલ ક્યાંક છુપાઈ જાય છે. એ વાતને રમતિયાળ સ્વરૂપે કવિએ છેલ્લી પંક્તિમાં મૂકી આપી છેઃ ‘દેખો કૈસે છિપ ગયા બંદર.’

આમ, દેહધારી અને તેના અંતરાત્માના અવાજ વચ્ચેના સંઘર્ષ અને તેમાં થતી અંતરાત્માની હારને માર્મિક રીતે વર્ણવતી આ કૃતિ ભારતની આધ્યાત્મિક પરંપરાને આગળ ધપાવનારી છે. નવી શિક્ષણનીતિ અંતર્ગત તેને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો રજૂ કરતી કૃતિ તરીકે અભ્યાસક્રમમાં સ્થાન આપવું જોઈએ..

એ બધી સ્વરૂપલક્ષી ચર્ચા દિવસો સુધી ચલાવી શકાય. તેમ છતાં, તેનો સર્વમાન્ય અંત ન આવે એવું બને અથવા તેના વિશે બે દિવસનો સેમિનાર યોજી શકાય, જેના અંતે છેવટે સૌને ભોજનનો સ્વાદ જ યાદ રહે

ઈશિતાનું અલકમલક

ખરી ‘હેરાફેરી’ તે આનું નામ

હેરાફેરીનો માસ્ટર માઇન્ડ પપ્પુ છૂરી

એક જમાનો હતો જ્યારે કોઈનો OTP જાણી લઈને એની બેન્કનું ખાતું સાવ સફાચટ કરવાનો કસબ પૂરજોશમાં ખીલ્યો હતો. OTP દ્વારા આવી લૂંટફાટના બે-પાંચ કિસ્સા રોજ સમાચારમાં ગાજતા પણ ખરા. અચાનક સાયબર ગઠિયા પ્રગટ્યા અને એમાંય ‘ડિજિટલ એરેસ્ટ’ના નામે થતી લૂંટફાટે માઝા મૂકી દીધી. નિર્દોષ સીનિયર સિટિઝનને ‘ઘરકેદ’નો ભય બતાવી- ડરાવી -ધમકાવી બે -પાંચ લાખથી માંડીને બે -પાંચ કરોડની રકમ પડાવી લેવી એ સાયબર ગઠિયાઓ માટે તો ‘બાંયે હાથ’નો ખેલ થઈ ગયો. આવી બધી લૂંટફાટ વચ્ચે તો OTP દ્વારા ચોરીની વાત તો જાણે વિસરાયેલો ભૂતકાળ બની ગયો. જો કે એ બધા વચ્ચે પણ અપવાદરૂપ ક્યારેક અજબ -ગજબ છેતરપિંડીના કોઈ કોઈ કિસ્સા ચમકી પણ જાય છે. તાજા સમાચારની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં એક બિરાદરનું અસલી નામ હતું મહફૂઝ આલમ પણ એનો ધંધો હતો બ્લેડ અને છૂરીનો એટલે વેપારી આલમમાં એ ‘પપ્પુ છૂરી’ તરીકે જાણીતો થઈ ગયો હતો. (છે ને આ નામ કોઈ હિન્દી ફિલ્મના વિલન જેવું!) હકીકતમાં ખાનગીમાં એનું ખરું કામ અભણ - નિર્દોષને પીઠ પાછળ છૂરી ભોકવાનું હતું. ‘આપણી તો બેન્કમાં જબરી ઓળખાણ છે - સરકારી યોજનામાંથી જોઈતી લોન અપાવી દઈશ’ એવાં ઠાલાં વચન આપી એ ‘શિકાર’ને ભોળવીને એના આધાર કાર્ડ -પેન કાર્ડ અને બીજા અગત્યના દસ્તાવેજ લઈ લેતો પછી પેલાની જાણ બહાર એના નામે નકલી કંપની અને બેન્ક ખાતાં ખોલાવીને એનો ઉપયોગ હવાલા અને GSTના ગોટાળા- ગાફલા ઈત્યાદિમાં કરતો. આ રીતે બે નંબરી નાણાંની એ જબરી હેરાફેરી કરતો. આ રીતે પપ્પુ છૂરીએ ૧૬થી વધુ બેન્કમાં ૬૮ અકાઉન્ટસ ખોલાવીને કુલ રૂપિયા ૩૨૦૦ કરોડની છેતરપિંડી આદરી હતી! એના આ બહોળા ધંધા માટે પપ્પુ છૂરીએ એક વિશેષ નેટવર્ક તૈયાર કર્યું હતું. આવી બેનંબરી હેરાફેરી માટે એ ત્રણથી પાંચ ટકા કમિશન પણ વસૂલતો. ઉત્તર પ્રદેશમાં ગયા વર્ષે ૨૪ લાખની એક લૂંટ થઈ હતી. એ રકમ સગેવગે કરવા જતાં પોલીસને અનાયાસ આ પપ્પુ છૂરીનું પગેરું મળી ગયું અને એ ઝડપાઈ ગયો. લાખો -કરોડો રૂપિયાની ઊથલપાથલ જેવું જંગી નેટવર્ક ચલાવતો આ ભેજાબાજ પપ્પુ છૂરી કેટલું ભણેલો છે એ જાણો છો? એ બારમી ના-પાસ હતો!

બે પૈંડાં પર દોડતી-બાઘતી ઉપાધિ

‘પર્યાવરણ’ અને ‘પ્રદૂષણ’ આ બન્ને શબ્દને એકમેક સાથે જાણે બાપે માર્યા વેર છે. પ્રદૂષણને દૂર રાખો તો પર્યાવરણની રક્ષા થાય. પ્રદૂષણ વધારો તો પર્યાવરણ બગડતું જાય -બદ્તર થતું જાય. પર્યાવરણની રક્ષા થાય તો જ પૃથ્વી- મા ધરતીની તબિયત ફૂલગુલાબી રહે. આવી સભાનતા સદભાગ્યે આજની યુવા ‘જનરેશન- ઝી’માં વિકસી રહી છે એટલે આવી પ્રસન્ન પૃથ્વી માટે એ યુવાનો સતત પ્રયાસ કરતા રહે છે. નાનપણમાં આપણો પહેલો વાહન -પ્રેમ ટ્રાઇસિકલ હતો. પાછળથી એ બાઇસિકલ કે સાઇકલ થયો અને આ જ સાઇકલનો બહોળો ઉપયોગ આપણને પેટ્રોલ-ડિઝલ જેવાં ખનિજ તેલથી પ્રસરતાં પ્રદૂષણથી દૂર રાખે છે. હવે એમાં વિવાદાસ્પદ ખનિજ તેલ ઈથેનોલ -૨૦ પણ ઉમેરાયું છે. બીજી તરફ વિશ્વના લગભગ બધા જ દેશે સાઇકલને વાહનવ્યવહારના એક અતિ ઉપયોગી - અગત્યના સાધન તરીકે સ્વીકારી લીધી છે. યુરોપના ૪૪થી વધુ દેશમાં સાઇકલના ઉપયોગને સૌથી વધુ મહત્ત્વ અપાય છે. પેટ્રોલ -ડિઝલ ઈંધણ દ્વારા દોડતાં પોતાનાં વાહન પડતાં મૂકીને નાગરિકો સાઇકલનો મહત્તમ ઉપયોગ કરે એના પ્રોત્સાહનરૂપે આ દેશના જાહેર માર્ગ પર આ વાહન માટે ખાસ ટ્રેક કે લેન તૈયાર કરવામાં આવ્યા છે. સાઇકલની ઉપયોગિતા અને પ્રદૂષણની સંખ્યાબંધ આડ- અસર અનુભવ્યા પછી ફ્રાન્સના અમુક યુવા વર્ગે તો બે પૈંડાંના આ વાહનને ફંડાથી લઈને ફેશન સુધી એવું લોકપ્રિય બનાવી દીધું છે કે પેરિસ જેવા મહાનગરમાં સાઇકલનો ક્રેઝ - ઘેલછા બની જઈને ઉપાધિ પણ સરજી રહ્યો છે. ફેશન માટે વિખ્યાત મહાનગર પેરિસને હવે યુરોપની સાઇકલ રાજધાની બનાવીને પર્યાવરણ-પ્રેમીઓની ‘વાહ..વાહ’ જીતવા માગતી એટલે પેરિસના યુવાનોમાં રીતસર સાઇકલનું ઘેલું લગાડવા ફ્રાન્સની સરકાર જાતભાતની યોજના-સુવિધા તૈયાર કરતી રહે છે. સ્થાનિક નેતાઓ સાઇકલસવારી કરી પ્રતીકાત્મક રેલી કાઢે. પરિણામે આજે પેરિસના રસ્તા સાઇકલવીરોથી ઉભરાવા લાગ્યા છે. એક અંદાજ મુજબ પેરિસના માર્ગો પર રોજના દસ લાખ સાઇકલોની એવી ભીડ જામે છે કે શહેરનો ટ્રાફિક ખોરવાય જાય છે અને જ્યાં આવો ટ્રાફિક જામ થાય ત્યાં સહેજે છે કે સાઇકલસવારો અને રસ્તે ચાલનારા- વટેમાર્ગુ વચ્ચે શરૂ થાય બોલાચાલી ને ગાળીગલોચ પછી એની પરાકાષ્ઠાએ થાય રાબેતા મુજબ ફિલ્મી સ્ટાઇલ ‘દિસુમ.. દિસુમ’ ને અન્ય રાહગીરોને જોવા મળે છે પર્યાવરણને સાબૂત રાખવા મથતાં રોમેન્ટિક પેરિસગરાઓનાં આવાં અવનવાં રુદ્ર સ્વરૂપ.ભગવંત તેરી ગત છે ન્યારી!

તું તો માત્ર ‘લવ...લવ’ જ કર!

સોશિયલ મીડિયા પર હમણાં એક વિચિત્ર કિસ્સો વાયરલ થયો છે. પોતાનું નામ બદલી-દેશ કે સિટીનું પણ નામ જણાવ્યા વગર એક યુવતીએ બધા પાસે મદદ માગતી એક પોસ્ટ વહેતી કરી છે જેમાં લખ્યું છે કે ‘મારો લવર-બોય ફ્રેન્ડ હમણાં ન સમજાય એવી વર્તણૂક કરે છે. અમે બન્ને નિરાંતે બેઠાં હોઈએ એ વખતે હું જેવી અમારા ભાવિ લગ્નની વાત કાઢું તો ફટાક કરતોક ખડો થઈ જાય અને ખોદકામનાં સાધન લઈને એના ઘર પાછળની વધારાની જમીન નીચે સતત ટનલ બનાવવા પર લાગી જાય છે. એ શું કામ આવું કરે છે એનો એ સંતોષકારક જવાબ પણ કોઈને આપતો નથી તો પ્લીઝ, મને કોઈ ઉપાય બતાવોને કે હું એને આવી ટનલ બનાવતા અટકાવી શકું.’ આ યુવતીને જાતજાતના જવાબ મળ્યા છે. એકે લખ્યું છે : ‘તું એને વારંવાર લગ્નની વાત કરીને બહુ તંગ નહીં કર. તારાથી કંટાળીને એણે નવી ગર્લ ફ્રેન્ડ શોધી લીધી હશે. તારાથી ભાગી છૂટવા જ એ બોગદું ખોદી રહ્યો હશે, જેના દ્વારા એ ગુપચુપ પેલીના ઘરે પહોંચી જશે માટે મેરેજ વિશે પૂછવાનું બંધ કર અને માત્ર પ્રેમાલાપ જ કર!’

ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» આજની પેઢીને ‘નશામુક્ત’ કરવા તાજેતરમાં જ વડા પ્રધાને હાકલ કરીને એની ઝુંબેશ ઉપાડી છે. બીજી તરફ તાજેતરમાં થયેલા એક સર્વેએ દારૂબંધીના અમલવાળા ગુજરાતનાં જે તારણ રજૂ કર્યાં છે એ ચોંકાવનારા છે. જે ગુજરાતમાં દાયકાઓથી દારૂબંધી છે એનો ત્યાં અમલ કેવો પોકળ છે તે હકીકત ઉઘાડી પાડી છે. અહીં સત્તાવાર દારૂબંધી હોવા છતાં આશરે ૨૦ હજારથી વધુ મહિલા દારૂના નશાની બંધાણી છે! બીજા શબ્દોમાં કહીએ તો મહારાષ્ટ્ર - પંજાબ -રાજસ્થાન જેવાં રાજ્ય, જ્યાં દારૂ પીવાની સત્તાવાર છૂટ છે ત્યાંની મહિલા અને ગુજરાતની ગેરકાયદે દારૂ પીતી મહિલાની સંખ્યા લગભગ સરખી જ છે!



» આજે ભારત સહિત જગતભરમાં ‘સ્પાઇડ-મેન’ ફિલ્મ ધૂમ મચાવી રહી છે. કોમિક બુકના સુપર હીરોમાં ‘સ્પાઇડરમેન’ જેવું જ બીજું કોઈ સૌથી વધુ લોકપ્રિય કોઈ હોય તો એ ‘સુપરમેન’નું પાત્ર છે. આ સુપરમેનની વાર્તાઓની સૌ પ્રથમ કોમિક બુક પ્રગટ થઈ હતી ૧૯૩૮માં. એ વખતે એની બે લાખ પ્રત-કોપી પ્રગટ થઈ હતી. આ કોમિક બુકની પ્રથમ કોપીનું થોડા મહિના પહેલાં લિલામ થયું ત્યારે એ દુર્લભ પ્રતના ઉપજ્યા છે અધધધ ૬ મિલિયન ડોલર અર્થાત આપણા રૂપિયા ૫૮ કરોડ!

ઈશિતાની એલચી

બુલબુલને બ્યુગલ વગાડવાની ઈચ્છા થાય ત્યારે એમાંથી આંદોલન સર્જાય...!!

(તાજો દાખલો : ‘જેન -ઝી’!!)